**વંચાણે લીધા :**

(૧) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૧/૧૮, તા.૨૬/૯/૧૮

(૨) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૨/૧૯, તા.૨૭/૫/૧૯

(૩) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૬/૧૯, તા.૧૬/૧૦/૧૯

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૦૮/૨૦૨૦, તા. ૩ /૨/૨૦૨૦

હું, આશીષ ભાટિયા,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે ડાકોર પગપાળા દર્શનાર્થે જતા યાત્રાળુઓની સલામતિ જળવાઇ રહે તે માટે તથા માર્ગ અકસ્માતો અને જાનહાની ટાળવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

આગામી તા.૦૩/૦૩/૨૦૨૦ થી તા.૧૦/૦૩/૨૦૨૦ દરમિયાન ડાકોર ખાતે ફાગળસુદ પુનમનો મેળો ભરાનાર હોય અને વધુ પડતા યાત્રાળુઓ અમદાવાદ શહેરથી હાથીજણ સર્કલ થઇ હીરાપુર ચોકડી તરફથી ડાકોર પગપાળા દર્શનાર્થે જતા હોય છે. ડાકોર પગપાળા દર્શનાર્થે જતાં દર્શનાર્થીઓને વાહનોની અવર-જવરને કારણે અકસ્માતો અને જાનહાની થવાનો સંભવ રહે છે. જેથી નીચે જણાવેલ રૂટ ઉપર આવતા-જતા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

**પ્રતિબંધિત માર્ગ :**

**(૧)** હાથીજણ સર્કલથી હિરાપુર ચોકડી થઇ ડાકોર તરફ જતા રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે તા.૦૩/૦૩/૨૦૨૦ થી તા.૧૦/૦૩/૨૦૨૦ સુધી પ્રતિબંધ રહેશે.

**(૨)** જશોદાનગર ચાર રસ્તાથી હાથીજણ સર્કલ સુધીનો માર્ગ તા.૦૩/૩/૨૦૨૦ થી તા.૧૦/૩/ ૨૦૨૦ સુધી તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક માર્ગ :** અમદાવાદ હાથીજણ સર્કલથી તમામ વાહન વ્યવહાર રીંગ રોડ બન્ને તરફ ડાયવર્ટ થઇ એક્સપ્રેસ હાઇવે તથા અસલાલી રીંગરોડ તરફ આવ-જા કરી શકશે અને જશોદાનગર થી તમામ વાહન વ્યવહાર એક્સપ્રેસ વે તરફ તથા નારોલ સર્કલ તરફ આવ-જા કરી શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ,એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન તેમજ પદયાત્રીઓની સુખાકારી માટે જે વાહનો જાય તે વાહનોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૩/૦૩/૨૦૨૦ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૧૦/૦૩/૨૦૨૦ ના કલાક ૨૪.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૩ /૦૨/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૩ /૦૨/૨૦૨૦
અમદાવાદ શહેર

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય,ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી, જીલ્લા કલેકટરશ્રીની કચેરી,સુભાષબ્રીજ સર્કલ પાસે,અમદાવાદ શહેર.

(૫) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ખેડા-નડિયાદ, જિલ્લા મેજીસ્ટ્રેટ ખેડાની કચેરી, જિલ્લા સેવા સદન, ડભાણ રોડ, નડિયાદ

(૬) રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૮) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૧૦) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,ક્રાઇમ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર

(૩) પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડિયાદ

(૪) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ,અમદાવાદ શહેર

(૫) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૬) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૭) મદદનીશ પોલીસ કમિશનરશ્રી,ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.